
# શાળા-કોલેજોમાં હિન્દી દિવસ ઉજવાયો



## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ- પ્રાઈમરી વિભાગમાં હિન્દી દિવસના ઉજવણીમાં કવિતા સ્પર્ધા ઓનલાઈન યોજવામાં આવી હતી, અને વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો અને હિન્દી દિવસની ઉજવણી કરી હતી.




## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા

ગ્રામસેવા સંકુલ - સાદરાના બી.એ.એમ.એ. વિભાગ દ્વારા ગૂગલ મીટ ઓનલાઈન દ્વારા હિન્દી દિવસની ઊજવણી કરવામાં આવી હતી. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલે હિન્દી દિવસ ઉજવણીના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે હિન્દી ભાષાને રાષ્ટ્ર ભાષા તરીકે અને વ્યવહારમાં હિન્દી ભાષા ઉપયોગ, મહાત્મા ગાંધીજીનો હિન્દી ભાષા પ્રત્યેનો પ્રેમ અને સ્વ. રામલાલભાઈ ઈ પરીખ દ્વારા ભારતીય ભાષા સંસ્કૃતિ કેન્દ્રની સ્થાપના દ્વારા ગૂજરાત વિદ્યાપીઠએ શરૂ કરેલ તમિલ, તેલુગુ, કન્નડ, મરાઠી, મલયાલમ જેવી ભારતીય ભાષાઓને હિન્દીમાં ભણાવવામાં આવે છે.




## એસ.વી. અંગ્રેજી પ્રાથમિક શાળા

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.વી.જી., અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન હિન્દી દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિ થઈ. તેમાં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓએ હિન્દી દિવસ નિમિત્તે હિન્દી મૂળાક્ષરો લખીને એમાં રંગ ભર્યા હતા . ધોરણ-૩, ૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ હિન્દીમાં સ્લોગન બનાવ્યા હતા. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.



## એસ.જી.અંગ્રેજી પ્રાથમિક શાળા

સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી., અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન હિન્દી દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિ થઈ. તેમાં ધોરણ-૫ના વિદ્યાર્થીઓએ હિન્દી દિવસ નિમિત્તે કાવ્ય બનાવ્યા ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ કોરોનાવાયરસ પર નિબંધ લખ્યો તેમ ૭ અને ૮ના વિદ્યાર્થીઓએ હિન્દીમાં સ્લોગન બનાવ્યા હતા.આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.

# સ્કૂલ ઓફ એચિવર કૂડાસણમાં ઓનલાઈન હિન્દી દિવસનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૧૪



સ્કૂલ ઓફ એચિવર, કૂડાસણ દ્વારા પ્રાયમરી અંગ્રેજી માધ્યમમાં ૧૪, સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે વર્ચ્યુઅલ લર્નિંગના માધ્યમથી લેખન, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપઠન જેવી કેટલીક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં હિન્દી દિવસની ઉજવણીના ભાગરુપે 'હિંદી હૈ હમારી આન ઔર શાન, ચલો હમ કરે હમારી રાષ્ટ્રભાષા કા સન્માન' વિષય પર ખૂબ સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો.

# ગોઝારીયા પ્રા. કન્યા શાળાના શિક્ષકને પારિતોષિક એનાયત

ગાંધીનગર, તા. ૧૪

ગોઝારિયા પ્રાથમિક કન્યાશાળામાં ફરજ બજાવતાં વાઘેલા ગીતાબેન લહેરચંદને મહેસાણા તાલુકા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ૨૦૨૦ એનાયત કરવામાં આવ્યું. પોતાના શૈક્ષણિક કાર્યોમાં અનેક નાવિન્યપૂર્ણ પ્રયોગો, વિવિધતા સભર પ્રવૃત્તિઓ, ક્રિયાત્મક સંશોધનો, નવા વિચાર અને લાગણી સભર વ્યક્તિત્વથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનેરી લોકપ્રિયતા હાંસલ કરી છે.બેનએ પોતાના વર્ગની



એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ બાળાના અભ્યાસને ન્યાય આપવા માટે બ્રેઈલ લિપિ શીખીને શૈક્ષણિક સાહિત્ય તૈયાર કર્યું હતું, તથા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી લિખિત પુસ્તક 'કેળવે તે કેળવણી'ની પ્રથમ બ્રેઈલ આવૃત્તિ બનાવીને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રમોદી અને રમેશભાઈ ઓઝા 'ભાઈ'ના હસ્તે સન્માન પ્રાપ્ત કર્યું હતું. અનેક સંસ્થાઓએ એમના શિક્ષણ કાર્યને બિરદાવેલ છે. માર્ચ ૨૦૨૦માં અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી તેમને 'અચલા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે.

# રાજ્યપાલના હસ્તે બીલેશ્વરપુરા પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષકને સન્માન

ગાંધીનગર, તા. ૧૪

કલોલ તાલુકાની બીલેશ્વરપુરા પુરા પ્રાથમિક શાળામાં ઉચ્ચ શિક્ષક તરીકે ફરજ બજાવતા મિત્તલબહેનને શિક્ષણ ક્ષેત્રે કરેલી વિશિષ્ટ કામગીરી બદલ તારીખ ૫-૯-૨૦૨૦ ના રોજ શિક્ષક દિન નિમિત્તે ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે મિત્તલબહેનને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ એનાયત કરી



સન્માનિત કરવામાં આવ્યા હતા. બિલેશ્વરપુરા ગામ કલોલ તાલુકા તેમજ ગાંધીનગર જિલ્લા ઉપરાંત સમસ્ત બ્રહ્મ સમાજ નું ગૌરવ વધાર્યું છે.

મિત્તલબહેન પંડ્યાએ શિક્ષણ યાત્રાનો પ્રારંભ કર્યો ત્યારથી તેમણે ભણવું અને ભણાવવું, ગણાવવું, ગણિત જ્ઞાન, આ કોમળ ફૂલ કચડાય નહીં તેનું ધ્યાન રાખવું, આવા પ્રાથમિક શિક્ષણના પાયાના સિદ્ધાંત સાથે વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરાવતા કરી મિત્તલબહેન બાળકોના હૃદય સુધી પહોંચતા કાર્યશીલ શિક્ષક બન્યા છે.

# જન્મદિને વધામણી

| | |
|---|---|
|  પ્રિયા માનિક, લાયોનેસ ક્લબ |  મયુરભાઈ પટેલ, પ્રમુખ, દસગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ |
|  ભાવના શુક્લ, લાયોનેસ ક્લબ |  સ્વરા પંકજભાઈ પ્રજાપતિ, મો. ૯૯૭૯૦ ૩૩૩૬૬ |
|  મિત્તલબેન અશોકકુમાર ઠાકોર |  ધ્યાનમ અભિષેક ભટ્ટ, મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩ |
|  રિશી પટેલ, મો. ૯૭૨૫૭ ૦૫૦૮૮ |  આસ્થા રોનકકુમાર શર્મા, મો. ૯૬૨૪૯ ૧૯૧૯૭ |
|  ધ્રુવ રમેશ પાલા, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ |  હેત રાઠોડ, મો. ૯૪૨૭૦ ૨૬૯૩૦ |
|  રામચંદ્ર કે વ્યાસ, યૂથ રેડક્રોસ |  શક્તિસિંહ પથુજી વાઘેલા |

# ઈજનેરી કૌશલ્યના ભિષ્મ - પિતામહ -'ભારત રત્ન' સર એમ. વિશ્વેસ્વરૈયાજીના જન્મ દિવસ-૧૫ સપ્ટેમ્બર 'એન્જીનીયર્સ - ડે નિમિતે સ્મરણાંજલિ

ભારતમાં આપણે ગાંધી જયંતિ, બાલ-દિવસ, ખેલ-દિવસ, વિજ્ઞાન દિવસ, સમતા દિવસ, કિસાન દિવસ, જેવા અનેક દિવસોની ઉજવણી જે તે ક્ષેત્રે પોતાનું અમુલ્ય યોગદાન આપનાર ભારતની મહાન વિભુતિઓની યાદમાં ઉજવીએ છીએ. ભારતના આવા જ એક મહાન સપુત અને જેને ઈજનેરી કૌશલ્યના ભિષ્મ-પિતામહ ગણવામાં આવે છે એવા 'ભારત રત્ન' સર મોક્ષગુંડમ વિશ્વેસ્વરૈયાજીના ૧૫ મી સપ્ટેમ્બરના ના રોજ -જન્મ દિવસને ભારતમાં 'એન્જીનીયર્સ -ડે' તરીકે ઉજવવામાં આવે છે, જેની શરુઆત ૧૯૬૮ ની સાલથી 'ધ ઈન્સ્ટીયુશન ઓફ એન્જીનીયર્સ-ઈન્ડીયા-નામની ખુબજ વિખ્યાત અને ૨૦૨૦ માં પોતાની સ્થાપનાના ૧૦૦ માં વર્ષની ઉજવણી કરનાર સંસ્થા દ્વારા થઈ હતી. ખુબીની બાબત તો એ છે કે દર વર્ષે કોઈ એક નિશ્ચિત વિષય-વસ્તુ ને ધ્યાને રાખીને અને સાંપ્રત સમસ્યાને અનુરુપ તેની ઉજવણી નિયત કરવામાં આવે છે અને સમગ્ર ભારતમાં તે મુજબ ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષના એન્જીનીયર્સ ડે-નો વિષય- 'Engineers for Self Relient India'- આત્મ નિર્ભર ભારત બનાવવા માટે ઈજનેરોની ભુમિકા બાબત ધ્યાન દેવામાં આવેલ છે. આજના આ પવિત્ર અને યાદગાર દિવસે એ મહાન વિભુતિને વંદન સાથે તેઓના જીવન વિષે થોડુંક જ્ઞાન પ્રાપ્ત કરીએ અને સ્મરણાંજલી અર્પીએ.

મોક્ષગુંડમ વિશ્વેસ્વરૈયાજીનો જન્મ મૈસુર(હાલના-કર્ણાટક) રાજ્યના કોલાર જિલ્લાના હદનઅલી ગામમાં તા.૧૫ મી સપ્ટેમ્બર ૧૮૬૧ ના રોજ થયો હતો . તેમના પિતાનું નામ શ્રીનિવાસ શાસ્ત્રી હતું અને માતાનું નામ વેંકચમ્મા હતું. પિતા સંસ્કૃત વિદ્વાન હતા. વિશ્વેસ્વરૈયાજીએ પ્રારંભિક શિક્ષણ તેમના જન્મસ્થાનથી પૂર્ણ કર્યું. વધુ અભ્યાસ માટે , તે બેંગલોરની સેન્ટ્રલ કોલેજમાં જોડાયા. ૧૮૮૧ની સાલમાં બી.એ. પછી, તેઓએ પુનાની સાયન્સ કોલેજમાં અભ્યાસ કર્યો અને તેમણે ૧૮૮૩ માં એલસીઈ અને એફસીઈ ની પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવીને તેમની લાયકાત દર્શાવી. આ સિધ્ધિને લીધે , મહારાષ્ટ્ર સરકારે તેમને નાસિકમાં સહાયક ઈજનેરના પદ પર નિયુક્ત કર્યા. પોતાના અગાઢ જ્ઞાન અને દરેક ટેકનીકલ બાબત ને બારીકાઈથી જોવાની જન્મ જાત કુનેહ ને કારણે તેમજ માનવીય સંવેદનાને સારી રીતે જાણનાર હોવાથી તેઓ સરકારી સેવામાં અગ્રેગ્નર થતાં ગયાં. વિવિધ વિભાગોમાં સેવા આપી. તેઓને ૧૯૦૭ માં અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મળી અને ઈજીપ્ત , કેનેડા, અમેરિકા અને રશિયાની મુલાકાત લીધી હતી અને પોતાના જ્ઞાન થી સૌને પ્રભાવિત કરેલ. ૧૯૦૯ ની સાલમાં બ્રીટીશ સરકારની સેવામાંથી નિવૃત થયા. મુખ્ય ઈજનેર અને સેક્રેટરી તરીકે તેઓ એ મૈસુર રાજયમાં સેવા આપેલ અને



તેઓની કામગીરીને ધ્યાને લઈ મૈસૂરના મહારાજા દ્વારા ૧૯૧૨ માં વિશ્વવેરાયને દિવાન એટલે કે મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓએ સી.આઈ.એ. અને કે.સી.આઈ.એ. જેવી વિશેષ પદવીઓ પણ બ્રીટીશ સરકાર દ્વારા મેળવેલ. આ ઉપરાંત સમયાંતરે તેઓની બહુમુખી પ્રતિભા અને જ્ઞાનની કદર કરી ભારતના અનેક વિશ્વ વિદ્યાલયો દ્વારા માનદ ડોકટરેટની માનદ પદવીઓ આપીને તેઓનું સન્માન કરેલ છે.

આઝાદી પહેલાના સમય ગાળામાં કૃષ્ણરાજસાગર ડેમ, ભદ્રાવતી આયર્ન અને સ્ટીલ વર્કસ, મૈસુર સેન્ડલ ઓઈલ અને સાબુ ફેક્ટરી, મૈસુર યુનિવર્સિટી, બેંક ઓફ મૈસુર સહિત અન્ય ઘણી મહાન કાર્યો તેઓ દ્વારા સંયુક્ત પ્રયત્નોથી શક્ય બની હતી. જ્યારે તે ફક્ત ૩૨ વર્ષના હતા, ત્યારે તેમણે સુકકુર શહેરમાંથી સિંધુ નદીમાં પાણી મોકલવાની યોજના તૈયાર કરી, જે તમામ એન્જિનિયરોને પસંદ પડેલ. સરકારે સિંચાઈ પદ્ધતિ સુધારવાનાં માર્ગો શોધવા માટે એક સમિતિની રચના કરી. આ માટે, વિશ્વેસ્વરૈયાજી એ નવી ''બ્લોક સિસ્ટમ'' ઘડી. તેઓએ સ્ટીલના દરવાજા બનાવ્યા જે ડેમમાંથી પાણીના પ્રવાહને રોકવામાં મદદ કરશે. મુકતકાંઠાના બ્રિટીશ અધિકારીઓ દ્વારા તેમની સિસ્ટમની પ્રશંસા કરવામાં આવી હતી. આજે આ સિસ્ટમનો ઉપયોગ વિશ્વભરમાં થઈ રહ્યો છે. કૃષ્ણરાજસાગર ડેમના નિર્માણ દરમિયાન, દેશમાં સિમેન્ટ બનાવવામાં આવ્યો ન હતો , આમાટે એન્જિનિયરો મોર્ટાર તૈયાર કરતા હતા જે સિમેન્ટ કરતા વધુ મજબૂત હતું.

૧૯૫૫ માં, તેમની અભૂતપૂર્વ અને માનવ જાહેર લાભની સિદ્ધિઓ બદલ તેમને દેશના સર્વોચ્ચ સન્માન ''ભારત રત્ન'' થી નવાજવામાં આવ્યા હતા.

શાશ્વત યુવાનીનું રહસ્ય - ભારત રત્નથી સન્માનિત મોક્ષગુન્ડમ વિશ્વેસ્વરૈયાજી સો વર્ષથી વધુની વય પ્રાપ્ત કરી અને અંત સુધી સક્રિય જીવન જીવે છે. એકવાર એક વ્યક્તિએ તેને પૂછ્યું, 'તમારી વૃદ્ધાવસ્થાનું રહસ્ય શું છે?' વિશ્વેસ્વરૈયાજી જવાબ આપ્યો , 'જ્યારે વૃદ્ધાવસ્થા મારા દરવાજે ખખડાવે છે , ત્યારે હું અંદરથી જવાબ આપું છું કે વિશ્વેસ્વરૈયાજી ઘરે નથી. અને તે નિરાશ થઈને પાછો ફર્યો. જો હું વૃદ્ધાવસ્થાને ન મળી શકું તો તે મારા પર કેવી રીતે વર્ચસ્વ રાખી શકે ? ' સાદગી ભર્યું, ખુમારી સાથેનું તેમજ દેશ-દાઝની ભાવના સાથેનું તેઓનું સમગ્ર જીવન આપણને હમેંશા કંઈક નવું શીખવાનું જોમ પુરુ પાડે છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિં ગણાય.

**સંકલન, લેખન અને રજુઆતઃ**
**કિરીટ બી. ત્રિવેદી- "નિમિત"**
**મો-૯૯૯૮૮-૭૯૬૧૯**